પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨૯ | ૧ નવેમ્બર, ૨૦૨૨, મંગળવાર; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મોરબી દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૪૧ પર પહોંચ્યો

## મોરબી દુર્ઘટનામાં હજુ પણ રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે : રવિવારે સાંજે ઝુલતા પુલ તૂટી પડ્યો ત્યારે તેના પર ૪૦૦થી ૫૦૦ લોકો હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જોકે, સત્તાવાર આંકડા અંગે તપાસ કર્યા બાદ જાહેરાત કરવામાં આવશે





મોરબી,તા.૩૧

મોરબીમાં ૧૪૦ વર્ષ જૂનો ઝુલતો પુલ તૂટી પડવાથી ઘટનામાં મૃતકોનો આંક ૧૪૧ને પાર થઈ ગયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. રવિવારે સાંજે ઝુલતા પુલ તૂટી પડ્યો ત્યારે તેના પર ૪૦૦થી ૫૦૦ લોકો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, સત્તાવાર આંકડા અંગે તપાસ કર્યા બાદ જાહેરાત કરવામાં આવશે તેમ રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૪૧ થઈ ગઈ છે અને હજુ પણ ૧ વ્યક્તિ ગુમ છે અને તે અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. ઝુલતા પુલનું સમારકામ થયા પછી તેને દિવાળી બાદ નવા વર્ષના દિવસે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. તહેવારોની રજા દરમિયાન આ પુલની મુલાકાત લેવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા, જેમાં રવિવારે પુલ તૂટી પડવાની ઘટના બની છે. રાજ્યના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે "આ દુર્ઘટનામાં કુલ ૧૪૧થી વધુ લોકોના મોત થઈ ગયા છે જ્યારે બે લોકો હજુ પણ ગુમ છે અને તેમની શોધખોળ કરવામાં આવી રહી છે." આ ગુમ થયેલા બેમાંથી એક વ્યક્તિ મળતા મૃત્યુઆંક ૧૪૧ થઈ ગયો છે. તેમણે જણાવ્યું કે દુર્ઘટના બાદ "સ્થાનિક તંત્ર દ્વારા લોકોને સરકારી અને ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક ખસેડવામાં આવ્યા હતા. ૨૦૦થી વધારે વિવિધ ફોર્સ સાથે જોડાયેલા જવાનો બચાવ કામગીરીમાં જોડાયેલા હતા. ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# મોરબી હોનારત સંદર્ભે નવની અટકાયત

**મોરબી બ્રિજ હોનારત સંદર્ભે પોલીસ એક્શનમાં : પ્રાથમિક પૂછપરછમાં બ્રિજ ૩૫ વર્ષ સુધી લીઝ પર આપ્યો હોવાનું સામે આવ્યું, આ મામલે ટિકીટ આપનાર વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી**

મોરબી, તા.૩૧

મોરબી હોનારતમાં ૧૪૧ લોકોના મોત બાદ અંતે પોલીસ એક્શનમાં આવી છે. પોલીસે આ મામલે નવ લોકોની અટકાયત કરી છે. હવે પોલીસ દ્વારા મેનેજમેન્ટ સાથે સંકળાયેલા તમામ લોકોની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આજે પોલીસ દ્વારા બ્રિજના પ્રબંધક અને મેન્ટેન્સ કરનારા લોકોની અટકાયત કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં બ્રિજ ૩૫ વર્ષ સુધી લીઝ પર આપ્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે ટિકીટ આપનાર વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી છે.

ગુજરાતના મોરબીમાં મચ્છુ નદી પર બનેલો ૧૪૩ વર્ષ જૂનો કેબલ બ્રિજ રવિવારે સાંજે તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં અત્યાર સુધી ૨૫થી વધુ બાળકો સહિત ૧૪૧થી વધુના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

આ દુર્ઘટનામાં કલમ ૩૦૪, ૩૦૮, ૧૧૪ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે એવું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ ફરિયાદ થઈ હોવાનું એક ટ્વીટ કરી જાહેર કર્યું હતું પણ આ ઘટનામાં ગુનેગારો કોણ છે તે અંગે કોઈ ફોડ પાડ્યો ન હતો. મોરબીની ઘટનામાં પોલીસ ફરિયાદ થઈ છે જેમાં સદોષ માનવ વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ફરિયાદ પુલનું સમારકામ કરનાર તેમજ સંચાલન કરનાર એજન્સી સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જોકે, ફરિયાદમાં બન્નેમાંથી એકપણ એજન્સીના નામ લખવામાં નથી આવ્યા.

# મારું મન મોરબીમાં છે : મોદી

**એકતા દિવસ પરેડને મોદીએ સંબોધી : મારા જીવનમાં ભાગ્યે જ મેં આવી પીડા અનુભવી હશે, એક તરફ કરુણાથી ભરેલું પીડિત હૃદય છે તો બીજી બાજુ કર્તવ્ય માર્ગ**

કેવડીયા,તા.૩૧



કેવડીયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ ૨૦૨૨ને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરબી દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, મારું મન મોરબીમાં છે. એક તરફ શોક છે, બીજી બાજુ કર્તવ્ય પથ છે. પીએમ મોદીએ કહ્યુ કે, હું એકતા નગરમાં છું, મારું હૃદય મોરબીના પીડિતો સાથે જોડાયેલું છે. મારા જીવનમાં ભાગ્યે જ મેં આવી પીડા અનુભવી હશે. એક તરફ કરુણાથી ભરેલું પીડિત હૃદય છે તો બીજી બાજુ કર્તવ્ય માર્ગ છે. જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેમના પરિવારો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું. મોદીએ મોરબીમાં કેબલ બ્રિજ તૂટી પડવાની ઘટના અંગે જણાવ્યું કે, સરકાર દરેક રીતે પીડિત પરિવારોની સાથે છે. ગુજરાત સરકાર ગત સાંજથી રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત સરકારને શક્ય તમામ મદદ કરવામાં આવી રહી છે.

# રિનોવેશનનો પેટા કોન્ટ્રાક્ટ દેવ પ્રકાશ સોલ્યુશન્સને અપાયો હતો

**મોરબી હોનારત બાદ ઓરેવા ગ્રુપનો ખુલાસો : ઓરેવાએ કોન્ટ્રાક્ટ આપેલ તે જ કંપનીએ ભૂકંપમાં આ ઝુલતા પુલને નુકસાન થયા પછી તેનું સમારકામ કર્યું હતું**



મોરબી, તા.૩૧

મોરબી ખાતે ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટી પડવાની ઘટનામાં જેની સામે સૌથી વધુ સવાલ થઈ રહ્યા છે એ અજંતા વોલ કલોકના ઉત્પાદક ઓરેવા ગ્રુપે આખરે મૌન તોડ્યું છે. આ જૂથને માર્ચ ૨૦૨૨માં મોરબી કલેકટર અને મોરબી નગરપાલિકા દ્વારા બ્રીજનું સમારકામ કરવા અને એક વખત બ્રીજ ફરીથી શરુ થઈ જાય પછી તેનું સંચાલન, મરમ્મત સહિત ૧૫ વર્ષનો કોન્ટ્રકટ આપવામાં આવ્યો હતો.

જોકે, હવે મળી રહેલી વિગતો અનુસાર ઓરેવા જૂથ દ્વારા આ બ્રીજને ફરીથી શરુ કરવા માટે તેનું રીનોવેશન કરવા માટે પેટા કરાર કરી દેવ પ્રકાશ સોલ્યુશન્સ નામની કંપનીને કામગીરી આપવામાં આવી હતી. વિગતો અનુસાર આ જ કંપનીએ ભૂકંપમાં આ ઝુલતા પુલને નુકસાન થયા પછી તેનું સમારકામ કર્યું હતું.

આ કંપનીએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે બ્રીજનું સંપૂર્ણ સમારકામ અને રીનોવેશન રૂ.૨ કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું. આ બ્રીજ જયારે ૧૫૦ વર્ષ પહેલા બન્યો ત્યારે ટેકનોલોજી નબળી હતી અને મોટાભાગનું કામ લાકડાં અને બીમ થકી કરવામાં આવ્યું હતું. આ કામ ફરીથી કરવા માટે અમે ટેકનીકલ સ્પેશીફીકેશનના આધારે નવા કાચામાલનો ઉપયોગ કરી તેને રીનોવેટ કર્યો હતો એમ કંપનીએ જણાવ્યું હતું.

# બ્રિજ દુર્ઘટનાનો તાગ મેળવવા નરેન્દ્ર મોદી આજે મોરબી જશે

**બ્રિજને છ માસના રિપેરિંગ બાદ ખુલ્લો મૂકાયો હતો**

અમદાવાદ, તા.૩૧

દોઢ દશક જુના કેબલ બ્રિજનું કરોડોના ખર્ચે છ મહિના રિપેરિંગ કર્યા બાદ બેસતા વર્ષે કરાયેલ શુભારંભ છતા માત્ર ૬ દિવસમાં જ આ મોરબીનો કેબલ બ્રિજ તૂટી પડતા ૧૫૦થી વધુ લોકોના મોત થયા છે. મચ્છુની આ ગોજારી ઘટનાનો તાગ મેળવવા વડાપ્રધાન મોદી ખુદ આવતીકાલે ઘટનાસ્થળની મુલાકાત લેશે.પ્રાપ્ત માહિતી અનુસાર પીએમ નરેન્દ્ર મોદી ૧લી નવેમ્બર, મંગળવારે ઘટનાસ્થળની મુલાકાત લઈ શકે છે. બપોર બાદ પીએમ મોદીનો આ કાર્યક્રમ ગોઠવાઈ શકે છે. આજે કેવડિયા ખાતે પીએમ મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતુ કે હું એકતાનગરમાં છું પરંતુ મારૂં મન, હૃદય મોરબીમાં છે. હું આ ઘટનાથી વ્યથિત છું.રવિવારે મોડી સાંજે બનેલ ઘટના પર ચાંપતી નજર રાખવા અને તમામ સંભવ મદદ પહોંચાડવા માટે પીએમ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને સ્થળ પર પહોંચી રેસક્યુ ઓપરેશન પર નજર રાખવા, જરૂરિયાતમંદ લોકોની સાથે રહેવા અને હરસંભવ મદદ પહોંચતી કરવા આદેશ કર્યો હતો.

# મોરબી દુર્ઘટનામાં ભાજપ સાંસદના ૧૨ સંબંધીઓના મોત

મોરબી,તા.૩૧

મોરબીમાં મોડી સાંજે રવિવારે થયેલી આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩૨થી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. મચ્છુ નદી પર બનેલી આ હચમચાવી નાખતી ઘટનામાં ભાજપ સાંસદ મોહન કુંડારિયાના ૧૨ સંબંધીઓના મોત પણ થયા છે. તો વલી મૃત્યાંક ઝડપથી વધી રહ્યો છે. ઘટનાસ્થળે થલસેના, વાયુસેના, નૌસેના અને NDRFની ટીમો રેસ્ક્યૂમાં લાગી ગઈ છે. ભાજપના સાંસદ મોહનભાઈએ કહ્યું કે, આ દુર્ઘટનામાં મારી બહેનના જેઠ એટલે કે, મારા બનેવીના ભાઈની ૪ દિકરીઓ, ૩ જમાઈ અને ૫ બાળકો ખોઈ દીધા છે. જે અત્યંત દુઃખદ છે. રાજકોટના સાંસદ મોહનભાઈએ કહ્યું કે આ દુર્ઘટના અત્યંત દુઃખદ છે. હું કાલ સાંજનો અહીં જ છું. ૧૦૦ થી વધારે લોકોની બોડી મળી ચુકી છે. પુલ ખોલવાની પરમિશન ન લેવા મામલા પર તેમણે કહ્યું કે, અહીં કોઈ અધિકારી હાજર નથી. જેમની ભૂલ હશે, તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, કોઈને પણ છોડવામાં આવશે નહીં. મોહન ભાઈ કુંડારિયાએ કહ્યુ કે, આ દુર્ઘટનાની સચ્ચાઈ ૧૦૦ ટકા સામે આવશે, કારણ કે આ દુર્ઘટના પર પીએમ મોદી પણ સતત નજર રાખી રહ્યા છે. આખી રાત ફોન પર તેઓ જાણકારી લેતા રહ્યા છે. મોરબી પુલ દુર્ઘટના અંગે ફરિયાદ નોંધવામાં આવી હતી. મોરબીની ઝૂલતા બ્રિજ દુર્ઘટનામાં ગુનેગારો વિરુદ્ધમાં IPC કલમ ૩૦૪, ૩૦૮, ૧૧૪ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# જવાબદારો સામે સદોષ માનવ વધની ફરિયાદ દાખલ થશે

**આરોપીઓ સામે કડક પગલાંની સરકારની ખાતરી : મોરબીમાં ઝૂલતો પુલ તૂટવાની આ દુર્ઘટનામાં કલમ ૩૦૪, ૩૦૮, ૧૧૪ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો**

રાજકોટ, તા.૩૧

મોરબી ખાતે રવિવારે સાંજે ઝૂલતો પુલ તુટી પડવાની ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૪૧ પર પહોંચી ગયો છે. મોરબીની ઘટનામાં જવાબદાર લોકો સામે સદોષ માનવવધની ફરિયાદ દાખલ થશે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે એવું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ દુર્ઘટનામાં કલમ ૩૦૪, ૩૦૮, ૧૧૪ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે એવું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ ફરિયાદ થઈ હોવાનું એક ટ્વીટ કરી જાહેર કર્યું હતુ પણ આ ઘટનામાં ગુનેગારો કોણ છે તે અંગે કોઈ ફોડ પાડ્યો ન હતો.

મોરબીની ઘટનામાં પોલીસ ફરિયાદ થઈ છે જેમાં સદોષ માનવ વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ ફરિયાદ પુલનું સમારકામ કરનાર તેમજ સંચાલન કરનાર એજન્સી સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જોકે, ફરિયાદમાં બન્નેમાંથી એકપણ એજન્સીના નામ લખવામાં નથી આવ્યા.





- 26 domestic and international customers, including Fortune 500 Companies (As of June 30, 2022)
- Revenue from operations growth at a CAGR of 56.64% between Fiscal 2020 and Fiscal 2022
- Among the largest Indian Offset Partners for ELTA Systems Limited and the IAI Group, Israel (Source: F&S Report)
- Technology enabled and scalable end-to-end capabilities
- 30,000 sq.ft. manufacturing facility at Hi-Tech Defence Aerospace Park SEZ, Bengaluru

DCX Systems Limited

www.dcxindia.com

*All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.*

**DCX SYSTEMS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with RoC on October 19, 2022. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges i.e., BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and the websites of the BRLMs, i.e., Edelweiss Financial Services Limited, Axis Capital Limited and Saffron Capital Advisors Private Limited at www.edelweissfin.com, www.axiscapital.co.in and www.saffronadvisor.com, respectively. Potential Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 27 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of each jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 332